# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2553 ❖ માર્ગશીર્ષ પૂર્ણિમા ❖ 02 ડિસેમ્બર 2009 ❖ વર્ષ – 10 ❖ અંક – 9 ❖ સળંગ અંક - 117

## ધમ્મવાણી

सुख वा यदि दुक्खं अदुक्खमसुखं सह।
अज्झतं च बहिद्धा च यं किञ्चि अत्थि वेदितं।।
एतं दुक्ख ति ञत्वान मोसधम्मं पलोकिनं।
फुस्स फुस्स वयं पस्सं एवं तत्थ विरज्जति।
वेदनानं खया भिक्खु निच्छातो परि निब्बुतो।।
सुत्तनिपात ३८/१५ – १६

બહાર અને અંદર જે પણ સંવેદનાઓ અનુભવાતી હોય છે, તે ભલે સુખદ હોય કે દુઃખદ અથવા અદુઃખદ-અસુખદ, સાધક એની મિથ્યા ભ્રાંતિને નષ્ટ કરે છે અને અનુભવ કરે છે કે વસ્તુતઃ એમાં દુઃખ જ સમાયેલું હોય છે. જયાં સ્પર્શ થાય છે અને સ્પર્શજન્ય સંવેદના હોય છે, ત્યાં એના અનિત્ય સ્વભાવને અનુભવીને એનાથી વિરક્ત થાય છે અને આ પ્રકારે અભ્યાસ કરતાં રહી સાધક એ સ્થિતિમાં પહોંચી જાય છે કે જયાં એ સમસ્ત સંવેદનાઓનો ક્ષય અને તૃષ્ણાનું ઉન્મૂલન કરીને પરમ ઉપશાંત થઇ જાય છે, પરિનિર્વાણ પ્રાપ્ત કરી લે છે.

## ધર્મ-દર્શન

ધર્મ દર્શન એટલે સત્ય દર્શન. અહીં દર્શનનો અર્થ નથી તો ફિલોસોફી કે નથી અહીં તો તત્ત્વ વિવેચન કે નથી કોઇ રૂપ આકૃતિને જોવાનું. અહીં દર્શનનો અર્થ છે પ્રત્યક્ષ સત્યની સ્વાનુભૂતિ. જીવનજગતની સચ્ચાઇઓને પ્રકૃતિના સર્વવ્યાપી વિધાનને પ્રત્યક્ષાનુભૂતિ દ્વારા જાણવું એ જ ધર્મ દર્શન છે, સત્ય દર્શન છે.

ધર્મ દુઃખોમાંથી છૂટકારો મેળવવા માટે છે અને દર્શન છે એનો વૈજ્ઞાનિક અભ્યાસ. પ્રકૃતિના એ નિયમો જે આપણને હર ક્ષણ લાગૂ પડે છે, જેનો આપણી સાથે સીધો સંબંધ છે તેને જાણવા, સમજવા, સ્વીકારવા અને પોતાને એને અનુકૂળ ઢાળવા, એ જ ધર્મ દર્શનનો ઉદ્દેશ્ય છે. દર્શનના અભ્યાસ દ્વારા આપણે જેટલાં-જેટલાં પાકીએ છીએ એટલાં-એટલાં ધર્મમાં પ્રતિષ્ઠિત થઇએ છીએ, સુખ-શાંતિના સાચા અધિકારી થઇએ છીએ. ધર્મદર્શનનો અભ્યાસ આપણા આધ્યાત્મિક ઉત્થાનનો સોપાન-પથ છે.

પ્રકૃતિના એ નિયમો જેનો આપણાં દુઃખો અને દુઃખ વિમોચન સાથે, આપણાં બંધનો અને બંધન વિમુક્તિ સાથે સીધો સંબંધ છે. એને જાણવા અને જાણીને એનો આપણા ભલા માટે ઉપયોગ કરવો એ જ ધર્મ છે. જે દુઃખોનું કારણ છે, એનું નિવારણ કરવું અને જે દુઃખ વિમુકિતનો ઉપાય છે એને ધારણ કરવો એ જ સર્વવ્યાપી વિધાન સાથે સમરસ કરાવનાર આત્મહિત અને સર્વહિતકારી ધર્મ છે. પ્રકૃતિનું કારણ-કાર્યવાળું વિધાન બધાને લાગૂ પડે છે. આ વિધાન નથી કોઇ પ્રકોપ કરતું કે નથી કૃપા કરતું. કુદરત કોઇનો પક્ષપાત કરતી નથી. જે કાનૂન તોડે છે તે દંડિત થાય છે, જે પાળે છે, તે પુરસ્કૃત થાય છે. અગ્નિનો ધર્મ બાળવાનો છે, આ પ્રકૃતિનું વિધાન છે. આપણે આપણી અણસમજથી અગ્નિનો દુરુપયોગ કરીએ તો પોતાની અને અન્યની હાનિ કરીએ છીએ અને સદુપયોગ કરીએ તો એનો ભરપૂર લાભ લઇએ છીએ. આપણા દુઃખ અને દુઃખનિરોધ, આપણી અણસમજ અને સમજદારી પર નિર્ભર કરે છે. નિર્ગુણ, નિરાકાર, વ્યકિતત્વહીન સર્વવ્યાપી અનંત વિશ્વ વિધાન એટલે કે વિશ્વ ધર્મમાં કોઇના પ્રતિ જરા પણ પક્ષપાતનો ભાવ છે જ નહીં. આ વિધાન બધાં પર સમાન રૂપે લાગૂ પડે છે. જે એમાં સમરસ થયો, એ દુઃખમુકત થયો. જેટલો-જેટલો સમરસ થયો તેટલો-તેટલો દુઃખમુકત થયો. જયાં સુધી આપણે બરાબર સમજતા નથી, ત્યાં સુધી ભટકતા રહીએ છીએ અને પોતાની હાનિ કરીએ છીએ. સમજી લઇએ તો ભટકવાનું છૂટી જાય છે. વિધાન અર્થાત્ ધર્મ પાળવાના પ્રયાસમાં લાગી જઇએ, જેથી અજ્ઞાનવશ વિધાન વિરુદ્ધ કર્મોના આચરણથી જે કષ્ટ ભોગવી રહ્યા છીએ એનાથી છૂટકારો મેળવી લઇએ.

ઉપરછલ્લા સ્તરે ખાન-પાન, રહેણી-કરણી સાથે સંબંધ રાખવાવાળા કુદરતના જે કાયદા કાનૂન છે એને સમજીને અને તેના અનુસાર ચાલીને આપણે શરીરથી સ્વસ્થ રહીએ છીએ. બરાબર એ જ રીતે સૂક્ષ્મતર સ્તરે જે કાનૂન છે એને જાણી સમજીને અને પાલન કરીને આપણે આંતરિક સુખ શાંતિ મેળવી શકીએ છીએ.

રોગનું કારણ નહીં જાણીએ તો એનું નિવારણ નહીં કરી શકીએ. કયાંક બીજે જ ગૂંચવાઇ જઇશું, જેને રોગ સાથે લગીરેય સંબંધ ન હોય. આ જ અજ્ઞાન છે, જે આપણને રોગમુકત નથી થવા દેતું. રોગનું સાચું કારણ ખબર પડી જાય અને એ કારણના નિવારણમાં લાગી જઇએ તો રોગમુક્ત થવામાં શું સંશય રહે ?

જયારે માનવીય જ્ઞાન અને પ્રતિભા પોતાની શૈશવ અવસ્થામાં હતાં, ત્યારે વિસ્મયવિભોર માનવ પ્રકૃતિના હરેક સ્વરૂપને રહસ્યગૂંફિત જ સમજતો હતો. એના સૌમ્ય સ્વરૂપથી મુગ્ધ થઇ જતો હતો અને પ્રચંડ સ્વરૂપથી ભયભીત સાચાં કારણોને ન જાણવાની એ અવસ્થામાં ભયભીત માનવે કલ્પનાના સહારે કોઇ અદૃશ્ય દેવના પ્રકોપને પ્રકૃતિની વિનાશલીલાનું કારણ માન્યું અને પોતાની સુરક્ષાના હેતુથી એની પ્રશંસાના ગીતો ગાયાં, એનું પૂજન-અર્ચન કર્યું. એને અન્ન-બલિ ચડાવીને ધરતીને રક્તરંજિત કરી. પરંતુ જયાં સાચું કારણ ન સમજયો, ત્યાં રોગનો ઇલાજ કેમ થાય ? જે થોડા મનુષ્યોએ આ અંધવિશ્વાસોની અવહેલના કરી અને સચ્ચાઇની ખોજ કરી એને પોતાના શ્રમનું ઉચિત ફળ મળ્યું. એમણે પ્રકૃતિની સચ્ચાઇઓનાં ઘણાં રહસ્યો શોધી કાઢયાં.પ્લેગ, કોલેરા, શીતળા જેવી મહામારીઓનાં સાચાં કારણ શોધી કાઢયાં. મેધાવી માનવે આ રોગોના ઉન્મૂલનમાં પોતાની સંપૂર્ણ શકિત લગાવી દીધી. દુકાળ અને પૂર જોઇને અસહાય થઇ હાથ જોડવાને બદલે પોતાની બુધ્ધિ લડાવી અને પુરુષાર્થ જગાડયો. નદીઓ પર બંધ બાંધવામાં આવ્યા. સત્યની ખોજ કરનારા આ માનવ-મનીષિઓએ આ પ્રકારે વિભિન્ન ક્ષેત્રોમાં અંધવિશ્વાસની અને માનવજાતિને સુખ સાધન સમૃધ્ધ કરવામાં લાગ્યા રહ્યા. સ્તુત્ય છે, માનવનું આ સત્યશોધક અભિયાન જે હવે અંતરિક્ષ માપવા માટે પોતાનું વામન કદમ માંડી રહ્યું છે.

પરંતુ આ બાહ્ય અન્વેષણથી કેટલુંયે અધિક આવશ્યક અને

મહત્ત્વપૂર્ણ છે, પોતાની અંદરના અંતરિક્ષનું અન્વેષણ, પોતાની જાત સાથે સંબંધ રાખનારી નિસર્ગની સચ્ચાઇઓની ખોજ. એ સચ્ચાઇઓ, જેને લીધે આપણે દુઃખ-સંતપ્ત થઇ જઇએ છીએ અને એ સચ્ચાઇઓ, કે જેને લીધે આપણે દુઃખમુક્ત થઇ શકીએ છીએ. આને ન જાણવાને લીધે પોતાના દૈનિક જીવનની મુશ્કેલીઓનું કારણ આ દેવી-દેવતાઓ અને જગદીશ્વરોના ખોફ પર અને નિવારણ એની તુષ્ટિ પર આરોપિત કરવા લાગ્યો. અને એટલે જ જ્યારે જ્યારે નાનું કે મોટું દુઃખ આવ્યું ત્યારે પોતાની અબોધ અને ભયભીત મનોસ્થિતિમાં આપણે એમની માનતા માનવા લાગ્યાં, એમની ભેટ ચઢાવવા લાગ્યાં, એના સ્થાનોની યાત્રા કરવા લાગ્યાં, એમની અતિશયોક્તિપૂર્ણ પ્રશંસાઓના સ્તવન-પાઠ કરવા લાગ્યાં. આ મનોકલ્પિત વિધાતાઓને પ્રસન્ન કરવા માટે અગણિત કર્મકાંડોનું સર્જન અને પાલન કરવા લાગ્યાં.

પરંતુ માનવજાતિનો પ્રબુદ્ધ વર્ગ આ આંતરિક સત્યની ખોજમાં લાગી રહ્યો. અનેક યુગોમાં એવા અનેક ઋષિ, સંત, જ્ઞાની,બુધ્ધ, જિન થયા; જેમણે અંતરના અંતરિક્ષની ખોજ કરીને એ સિધ્ધ કર્યું કે આપણાં દુઃખોનું મૂળ કારણ અને એના ઉન્મૂલનનો ઉપાય આપણી અંદર જ છે, ક્યાંય બહાર નહીં. એમણે જોયું કે આ ચિત્તધારા પર જ્યારે ક્રોધ, ઈર્ષ્યા, ભય, વાસના, અદેખાઇ વગેરે વિકારોની વિકૃતિ આવે છે તો આપણે દુઃખસંતપ્ત થઇ જઇએ છીએ. એમણે એ પણ શોધ્યું કે આખરે આ વિકાર શાને પેદા થાય છે? અને જાણ્યું કે સમસ્ત વિકારોની જનની તૃષ્ણા છે. પ્રિયને પ્રાપ્ત કરવાની તૃષ્ણા અંદરને અંદર કોઇ પ્રિય-સુખદ સંવેદના જાગ્રત થઇ કે રોગ-રૂપી અને કોઇ અપ્રિય-દુઃખદ સંવેદના થઇ કે દ્વેષરૂપી તૃષ્ણા જાગી. ખોજ ચાલુ રાખી અને તેમણે જાણવા ઇચ્છ્યું કે આ પ્રિય-અપ્રિય, સુખદ-દુઃખદ સંવેદનાઓ આખરે જાગે કેમ?તો એમણે જોયું કે જ્યારે જ્યારે આંખ, કાન,નાક, જીભ, ત્વચા અને મન; આ છ ઇન્દ્રિયોનો પોતાના વિષયો રૂપ, શબ્દ, ગંધ, રસ, સ્પર્શવ્ય અને ચિંતન સાથે સંસ્પર્શ-સંધાન થાય છે ત્યારે ત્યારે અંદરને અંદર શરીર અને ચિત્તસ્કંધ પર વિભિન્ન પ્રકારના અગણિત સૂક્ષ્મ તરંગો પેદા થાય છે અને ત્યારે આપણે પોતાના પૂર્વસંસ્કારો અને અનુભૂતિઓના આધારે એમને પ્રિય અથવા અપ્રિયની સંજ્ઞા આપીએ છીએ. એ પણ જોયું કે જ્યારે આંખ, કાન, નાક, જીભ પર કોઇ વિષયનો કોઇ સ્પર્શ ન થઇ રહ્યો હોય અને પરિણામતઃ સંસ્પર્શજન્ય સંવેદના ન થઇ રહી હોય ત્યારે પણ શરીર અને ચેતનાના સ્તર પર તો જ્યાં સુધી જીવિત છીએ, ત્યાં સુધી પ્રતિક્ષણ આ સ્પર્શ સંવેદનાઓ થયા જ કરે છે અને એને પ્રિય-અપ્રિય માનીને આપણે રાગ અથવા દ્વેષની પ્રતિક્રિયા કરતાં જ રહીએ છીએ. વળી તેમણે એ પણ જોયું કે આ પૂરેપૂરો પ્રપંચ અંતર્મનના એ સ્તરે ચાલતો રહે છે, જે સ્તરે આપણને હોશ નથી. અર્થાત્, આપણને ખબર જ નથી પડતી કે સ્પર્શ ક્યારે થયો ? અને એના પરિણામસ્વરૂપ ક્યારે સંવેદના જાગી અને ક્યારે તેની સામે પ્રતિક્રિયા કરતાં તણાવ ખેંચાણની ગાંઠો બાંધવા લાગ્યાં અને ક્યારે દુઃખોના પહાડ ખડકવા લાગ્યાં ? એમણે જોયું કે ઉપર-ઉપરથી તથાકથિત 'હોશ' હોવા છતાં પણ અંદરને અંદર બેહોશી, અજ્ઞાન, અવિદ્યા, મોહના વાતાવરણમાં આપણે આ ચિત્તધારામાં પ્રતિક્ષણ અજાણતાં જ રાગદ્વેષનો મેલ પ્રવાહિત કરતાં રહીએ છીએ. એવી જ રીતે જેમ ગૂમડામાંથી પરૂનો આસવ સતત વહેતો હોય છે. એ જ કારણે દુઃખનિમગ્ન રહ્યા કરીએ છીએ.

શોધ ચાલુ રહી. એમણે જોયું કે જે જે ક્ષણે અંતર્મનના એ ઊંડાણ સુધી જાગૃત રહીએ છીએ, અપ્રમત્ત રહીએ છીએ. અજ્ઞાન, અવિદ્યા, મોહથી મુક્ત રહીએ છીએ, આ અનિત્ય પ્રવાહને નિર્લિપ્ત અનાસક્ત ભાવથી જોતાં રહીએ, તે તે ક્ષણે ચિત્તધારા પર નવો રાગ નથી જાગતો, નવો દ્વેષ નથી જાગતો. પરિણામસ્વરૂપ આસવ ક્ષીણ થાય છે, પૂર્વસંચિત મેલ દૂર થાય છે. એમણે જોયું કે વારંવારની સમતાભરી જાગૃતિના અભ્યાસથી ચિત્તધારા નિર્મળ થતી જાય છે. અને જેટલી જેટલી નિર્મળ થતી જાય છે, એટલી એટલી સદ્ગુણોથી સ્વતઃ સંપન્ન થતી જાય છે જ્યારે નિતાંત નિર્મળ થઇ જાય છે, ત્યારે સર્વથા સદ્ગુણ સંપન્ન થઇ જાય છે.

આ પ્રકારે સ્વાનુભૂતિઓના બળે એ સત્યશોધકોએ જાણી લીધું કે રોગનું મૂળભૂત કારણ અને એના નિવારણનો ઉપાય શું છે? નિસર્ગે પોતાનાં બધાં રહસ્યો એમની સામે ખોલીને રાખી દીધાં. એમણે જોયું કે સત્યશોધનના આ ઉપક્રમમાં એમની પોતાની ચિત્તધારા આસવોથી, મેલથી મુક્ત થઇ ગઇ. એમણે જાણ્યું કે જે જે વ્યક્તિ આ અંતર્નિરીક્ષણ અને આત્મદર્શનના ઉપક્રમને અપનાવે તે તે વ્યક્તિ નિર્મલ-ચિત્ત થઇ દુઃખવિમુક્ત થઇ શકે છે. સત્યશોધનનો આ પ્રત્યક્ષલાભ એ માનવ જાતિની ખૂબ મોટી ઉપલબ્ધિ છે.

ક્યારેક ક્યારેક એ પ્રશ્ન ઊઠે છે કે જેમ બાહ્ય ભૌતિક જગતના વૈજ્ઞાનિકોની ખોજનો લાભ લેતા રહી આપણે એમના દ્વારા કરાયેલા શોધ- પ્રયોગોમાંથી સ્વયં પસાર થતાં નથી. આપણને એમની ઉપલબ્ધિઓનો સીધો લાભ મળવા લાગે છે. એવી જ રીતે આ આંતરિક ચૈતસિક જગતની ખોજનો લાભ આપણને સ્વતઃ કેમ ન મળે ? આપણે એમના દ્વારા શોધેલી સચ્ચાઇને સ્વીકારી લઇએ, એમાં શ્રધ્ધા જગાવી લઇએ; બસ કામ પૂરું થયું. આપણામાંની પ્રત્યેક વ્યક્તિ એ શોધના ઉપક્રમમાંથી સ્વયં શાને પસાર થાય? ધર્મદર્શનનો અભ્યાસ સ્વયં શા માટે કરીએ ? ઉત્તર એ જ છે કે આ શોધ-ઉપક્રમ જ એમની પોતાની શોધ હતી. આ જ તો આપણા રોગનો ઈલાજ છે. જ્યાં સુધી કોઇ સ્વયં આત્મનિરીક્ષણ ન કરે ત્યાં સુધી દુઃખવિમુક્ત થઇ શકતો નથી પોતાના ચિત્તના વિકારોનો સ્વયં સાક્ષાત્કાર કરીને જ એમનું ઉન્મૂલન કરી શકાય છે. આ જ તો ઔષધિ છે, જેનું સેવન કરવું જ પડે છે. જેમ કોઇ ચિકિત્સાજગતના વૈજ્ઞાનિકે શોધી કાઢ્યું કે મેલેરિયાના રોગનું અમુક કારણ છે અને એ કારણનો ઈલાજ ક્વિનાઇનની દવા છે. હવે ક્વિનાઇનની દવા ભલે ગમે તેટલી ગુણકારી હોય, એનું રોગી સ્વયં સેવન કરશે તો જ મેલેરિયાથી મુકત થશે. એ જ રીતે વિભિન્ન પ્રકારની વિધિઓમાં ભટકતા રહી આ શ્રેયાર્થી સાધકોએ ધર્મ દર્શનની દવા શોધી કાઢી. જે ભલે ગમે તેટલી રામબાણ ઔષધિ હોય, તો પણ એનું સેવન તો અનિવાર્ય છે જ. એ શુધ્ધ-બુધ્ધ-મુકત મહાપુરુષોની તો એટલી જ કૃપા છે કે એમણે રસ્તો શોધી કાઢ્યો. હવે એના પર આપણે ચાલવું તો પડશે જ. કોઇ પોતાના ખભા પર ચઢાવીને મંઝીલ સુધી પહોંચાડવા નહીં આવે. ''આપણી મુકિત આપણે હાથ''ની સચ્ચાઇને માનવાનો અર્થ અહંકારી બનવાનો નથી, પરંતુ વિનીત ભાવથી પોતાની જવાબદારીનો સ્વીકાર કરવાનો છે.

સાધકો ! હું મારા અને મારા પરિચિત હજારો સાધકોના અનુભવના આધારે કહું છું કે આ પ્રક્રિયાના અભ્યાસમાર્ગમાં ક્યાંય કોઇ અલૌકિક ચમત્કાર નથી. જે ઉપલબ્ધિ થાય છે, તે સ્વયં પોતાના કઠિન પરિશ્રમથી જ થાય છે. મારી પાસે મારો પોતાનો મેલો માનસિક પાલવ છે. સૌભાગ્યથી આ વિધિ 'સાબુ' સ્વરૂપે પ્રાપ્ત થઇ. મેં આ સાબુનો જેટલો પ્રયોગ કર્યો, એટલો જ મેલ ધોવાયો, વધુ નહીં. જેટલી માત્રામાં મેલ બચ્યો છે, એટલી માત્રામાં દુઃખ છે જ. હું કામ એટલે કે પરિશ્રમ કાંઇ ન કરું અથવા થોડોક જ કરું અને મેલ બધા ધોવાઇ જાય એવો કોઇ ચમત્કાર નથી થતો. વસ્તુતઃ આ તો જીવનભરનું કામ છે.આખું જીવન પોતાના પ્રતિ સજાગ, સચેત રહેવું જ પડશે, અપ્રમત્ત રહેવું જ પડશે. ખરેખર કામ અઘરું છે. પણ બીજો કોઇ રસ્તો પણ નથી.

પણ આપણું ભોળપણ એ છે કે આપણે કોઇ ચમત્કાર, જેને લીધે આપણને કોઇ કઠિન શ્રમ કરવો ન પડે અને સફળતા પણ મળી જાય. એવી અવસ્થામાં આપણે પાછા કલ્પનાલોકમાં ઊડવા લાગીએ છીએ. આટલા મનીષિઓ દ્વારા પરમ સત્યની શોધ થઇ ગયા બાદ

આટલું તો સ્વીકાર કરવું જ પડે છે કે આપણા દુઃખોનું કારણ કોઈ દેવ કે જગદીશ્વર નહિ, આપણા પોતાના સંચિત કર્મસંસ્કાર જ છે. તો પણ આશા બાંધવા લાગીએ છીએ કે આપણા દ્વારા હજાર દૂષિત કર્મ કરવા છતાં પણ એવો કોઈ સર્વશક્તિમાન અને કરુણાસાગર છે, જેને કોઈ પ્રકારે પ્રસન્ન કરી લઈએ તો તે આપણાં બધાં દુઃખોને દૂરી દેશે. આ આશામાં ફરી ખુશામતો, ભેટ, કંઈક ચઢાવવું, વગેરેનો ક્રમ ચાલી પડે છે. આપણે જાણતા નથી, આપણે શું કરી રહ્યા છીએ. અંધભક્તિના ભાવાવેશમાં આપણે જે ભગવાનનું નિર્માણ કર્યું, એ બિચારાની કેવી હાલત કરી રહ્યા છીએ? કેવો એ ભગવાન, જે પોતાના સન્માનથી પ્રસન્ન થાય છે! અતિશયોક્તિપૂર્ણ પ્રશંસા, પ્રશસ્તિઓથી ફૂલી ફાળકો થાય છે. 'જી હજૂર' કરનારા ખુશામતિયા લોકો પર કૃપાદષ્ટિ રાખે છે ! ભેટ ચઢાવનારા પર પ્રસન્ન થઈને એના કાળા નાણાંને પણ સફેદ કરી દે છે. પ્રવંચક અપરાધીને નિરપરાધી સમકક્ષ બેસાડી દે છે ! અહમ્‌નું પૂતળું એવું કે કોઈ ભૂલેચૂકે પણ એનું નામ લઈ લે તો એને ઝટ તારી દેવા તત્પર થઈ જાય છે. એવી આસક્તિ છે, એને પોતાના નામમાં! અને એવી આસક્તિ છે એને પોતાના સંપ્રદાયમાં ! જે જે સંપ્રદાયનો ભગવાન છે, તે તે સંપ્રદાયની વ્યક્તિનો પક્ષ લે છે અને અલગ-અલગ સંપ્રદાયોના આપણે અલગ-અલગ પક્ષપાતી ભગવાનો ખડા કરી દીધા. અરે, કોઈ સીમા છે આપણા ભોળપણાની પણ !? શું ખરેખર આ વિશાળ વિશ્વની વ્યવસ્થા એવા કોઈ શાસક કે શાસકોના હાથમાં છે, જે પક્ષપાતી છે, દંભી છે, નિરંકુશ છે, કાયદા કાનૂનને, ધર્મવિધાનને ઠોકર મારીને મનનું ધાર્યું કરવાવાળા છે?દુર્ગુણના જ ભંડાર છે?

જો માનતા જ માનવી હતી, તો એવા દુર્ગુણીની જગ્યાએ કોઈ સદ્‌ગુણસંપન્ન દેવતાની કરવી હતી, જેથી એના ગુણોનું ચિંતન કરીને એનામાંથી પ્રેરણા લઈને સ્વયં સર્વગુણસંપન્ન થવામાં તો લાગત. કલ્યાણ તો સધાત. પરંતુ આપણા ભોળપણમાં આપણે પોતાનું જ અમંગલ સાધવા લાગ્યા. ચિત્ત-વિશુદ્ધિથી જ દુઃખવિમુક્તિ છે, એ વિધાનને સ્વીકારવા છતાં ચિત્ત શુધ્ધ થાય, ન થાય. એ વિધાનથી પર કોઈ નિરંકુશ વિધાયકને પ્રશંસાઓથી પ્રસન્ન કરવાના ભોળપણમાં લાગી ગયા.

ધર્મ દર્શનનો અભ્યાસ આપણને આવી ભૂલોમાંથી બહાર કાઢે છે. દુઃખનું કારણ ચિત્તનાં આ દૂષણોથી વિમુક્ત થઈ જવું એ જ દુઃખવિમુક્તિ છે. નિસર્ગનો આ અટલ નિયમ, વિધાન જેટલો સ્પષ્ટ થતો જાય, એટલી ચિત્તવિશુદ્ધિને જ એકમાત્ર લક્ષ માનીને ધર્મપથ પર આરુઢ થઈ જઈએ. પછી તો વિધાનપાલન જ આપણા માટે પ્રમુખ થઈ જાય, બાકી બધું ગૌણ. વિધાન જ વિધાયક થઈ જાય, નિયમ જ નિયામક થઈ જાય, સત્ય જ નારાયણ થઈ જાય, ધર્મ જ ઈશ્વર થઈ જાય. વિધાન, નિયમ, સત્ય,ધર્મને ઠોકર મારીને એનાથી અલગ કોઈ નારાયણને પ્રસન્ન કરવાની વાત મનમાં આવે જ નહીં. ધર્મ છૂટે તો અમંગલ ને અમંગલ જ સૂઝે અને ધર્મ ધારણ કરવામાં મંગલ જ મંગલ.

સત્યને જ ઈશ્વર માનીને એના પ્રતિ સવિવેક શ્રધ્ધા રાખીને જ્યારે આપણે ધર્મદર્શનનો અભ્યાસ કરીએ છીએ તો સાચેસાચ જેટલું જેટલું ધર્મદર્શન એટલે કે સત્યદર્શન થાય છે એટલાં એટલાં દુઃખવિમુક્ત થઈ જઈએ છીએ. એ અવસ્થામાં અનંત પ્રકૃતિની સૂક્ષ્મતર સચ્ચાઈઓ સાથે સમરસ થવા લાગીએ છીએ અને પ્રકૃતિની આ સચ્ચાઈ પોતાના જ નિયમોમાં બંધાયેલી હોવાને કારણે સ્વતઃ આપણી રક્ષા કરવા લાગે છે. ધારણ કરીએ તો ધર્મ સ્વતઃ આપણી રક્ષા કરે છે. એના માટે એની અથવા કોઈનીય ખુશામત કરવી પડતી નથી. આ ધર્મનિયામતા છે. જ્યારે આપણું મન દુર્ગુણોમાં ગૂંચવાય છે અને દૂષિત વૃત્તિઓના તરંગો પેદા કરે છે, ત્યારે સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત એવા દૂષિત તરંગોની સાથે સમરસ થઈને આપણા દુર્ગુણોને અને ફલસ્વરૂપ દુઃખોને વધારે છે. બરાબર આ જ પ્રકારે જ્યારે આપણું મન દુર્ગુણોથી મુક્ત થઈને નિર્મળ થાય છે, સદ્‌ગુણોથી ભરાય છે, સદ્‌વૃત્તિઓના તરંગોનું પ્રજનન કરવા લાગે છે, તો અનંત વિશ્વમાં સમાયેલા દશ્ય, અદશ્ય પ્રાણીઓના જે પણ સાત્ત્વિક દેવ-બ્રહ્મ છે, એના શુધ્ધ ધર્મમય સાત્ત્વિક તરંગો આપણામાં આવી મળે છે, આપણને બળ પ્રદાન કરે છે. અને આપણું સુખ સંવર્ધન કરે છે, સંરક્ષણ કરે છે. આ જ નિયમ છે, વિધાન છે, જે પ્રત્યક્ષ અનુભૂત કરી શકાય છે.

કોઈ પણ દેશનું રાજ્યવિધાન એ દેશનો ધર્મ હોય છે. એ જ રીતે આ સાર્વદેશિક, સર્વજનીન, સાર્વકાલિક વિશ્વવિધાન, વિશ્વધર્મ છે જ્યારે એ દેશનો નાગરિક એ રાજ્ય વિધાન અનુસાર જીવનયાપન કરે છે, વિધાનને તોડતો નથી, ત્યારે એને વિધાયકના કુપિત થવાનો કોઈ ભય નથી હોતો. બીજી બાજુ પ્રાર્થના - પોકાર વિના એની સુરક્ષાની બધી જવાબદારી રાજ્યની જ હોય છે. પરંતુ જે વિધાનને, રાજ્યના કાનૂનને પગલે પગલે તોડે છે અને વિધાયક કે શાસકને ખુશ રાખવા માટે એની ખુશામત કરે છે, એને ફૂલપાન ચઢાવે છે તો એવી વ્યક્તિ કેવળ પોતાની જ નહીં, પરંતુ સમસ્ત દેશ અને સમાજની સુખ શાંતિને માટે, વ્યવસ્થાને માટે ખતરનાક સાબિત થાય છે. જે દેશના લોકો રાજ્યના કાનૂનનું સજાગ રહીને પાલન કરે, એ દેશમાં સમાજમાં સુખશાંતિ બિરાજશે જ. આ જ પ્રકારે આ વિશાળ વિશ્વવિધાનરૂપી ધર્મપાલન સિવાય સુખ શાંતિ હાંસલ કરવાનું બીજું કયું સાધન હોઈ શકે?

એટલે, આવો ! માત્ર પોતાની જ સુખશાંતિ માટે નહીં. પરંતુ, બધાની સુખ શાંતિ માટે ધર્મ ધારણ કરીએ. વિશ્વવિધાનને અનુકૂળ જીવન જીવીએ અને અતૂટ નિષ્ઠા સાથે ધર્મદર્શનના અભ્યાસ દ્વારા ચિત્તને વિકારવિહીન કરવામાં લાગી જઈએ. આ અભ્યાસમાં જે પણ બાધાઓ આવે, એ ગમે એટલી પ્રિય લાગનારી કેમ ન હોય, એ આપણા મતમતાંતરોની રૂઢ માન્યતાઓને ગમે એટલી અનુકૂળ કેમ ન હોય, એને નિર્મમતાપૂર્વક દૂર કરીને ''एकै साधे सब सधै'' વાળા અનન્ય ભાવથી ચિત્ત વિશુદ્ધિનો અથાગ પ્રયત્ન કરતાં જ રહીએ, કરતાં જ રહીએ. અનંતના કણકણમાં સમાયેલા મંગલમય પરમસત્યનું આ જ મંગલ વિધાન છે.

**મંગલમિત્ર**
**સ. ના. ગોયન્કા**

# વિપશ્યના પરિચય કાર્યક્રમ - ધમ્મકોટ

તા. ૩૧ જાન્યુઆરીના રવિવારે વિપશ્યી સાધકોના પરિવારો માટે ધમ્મકોટ કેન્દ્ર પર **વિપશ્યના પરિચય કાર્યક્રમ** નું આયોજન નીચે પ્રમાણે કરેલ છે.

સમય : સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે

- ૧૨.૦૦ કલાકે ભોજન અને ત્યાર બાદ પરત.
- આઠ વ્યક્તિઓ સુધી સ્પેશ્યલ રિક્ષા આપના ઘર/વિસ્તારથી કેન્દ્ર અને પરત આવવા થઈ શકશે.

વાહન-વ્યવસ્થાની જરૂરવાળા સાધકો માટે રિક્ષા નોંધાવવા સંપર્ક :

૧) ગઢવીભાઈ-મો. ૯૯૦૯૨ ૯૭૭૪૦

૨) ભરતભાઈ-મો. ૯૮૭૯૭ ૧૨૮૫૬

આવનારા સભ્યોની સંખ્યાની આગોતરી જાણ સિટિ ઓફિસ : (૦૨૮૧) ૨૨૨૦૮૬૧, મો. ૯૪૨૬૨ ૦૨૨૨૨ અથવા ધમ્મકોટ : ૨૭૮૨૫૫૦ પર અવશ્ય કરશોજી. જેથી ઉચિત વ્યવસ્થા થઈ શકે. સપરિવાર-મિત્રો સાથે લાભ લેશો.

## કચ્છમાં થતી સમૂહ સાધના અને એક દિવસીય શિબિરની માહિતી

**એક દિવસીય શિબિર :** દર મહિનાના પહેલા રવિવારે ૧૦.૩૦ થી ૫.૩૦ 'ધમ્મ સિંધુ કેન્દ્ર ઉપર' **સંપર્ક :** છોટુભાઈ પી સોની – M. 94264 52728, પરેશભાઈ ઠક્કર – ફોન : 02834-223118, 232832

**કચ્છ વિપશ્યના કેન્દ્ર - 'ધમ્મસિંધુ'** C/o. શ્રી ઈશ્વરલાલ યુ. શાહ, પ્રો. કે.ટી. શાહ રોડસ, માંડવી, કચ્છ – 370 465. ફોન : (02834) (O) 223076 (R) 223406, કેન્દ્ર : 'ધમ્મસિંધુ', ગામ : બાડા, વાયા : લાયજા, તાલુકો : માંડવી, કચ્છ – 370 475. ફોન : (02834) 273303, 273612. આચાર્ય નિવાસ : 273304
e-mail : <info@sindhu.dhamma.org>

**ભુજ :** દર મહિનાના બીજા અને ચોથા રવિવારે ૧૨.૩૦ થી ૬.૦૦.
**સામૂહિક સાધના :** દર રવિવારે ૮ થી ૯, દર બુધવારે ૪.૩૦ થી ૫.૩૦ (મહિલાઓ માટે), હોસ્પીટલ કંપાઉન્ડ, જનરલ હોસ્પીટલ સામે, **સંપર્ક :** ડો. શાંતુબેન પટેલ – ફોન : 02832-251905, પ્રભુભાઈ પટેલ – ફોન : 02832-255218, M. 94274 33534

**ગાંધીધામ :** દર મહિનાના પહેલા રવિવારે ૭.૩૦ થી ૧, **સામૂહિક સાધના :** દર રવિવારે સવારે ૭.૩૦ થી ૮.૩૦, પહેલા માળે, સરસ્વતી બિલ્ડીંગ, પ્લોટ નં. ૫૯૧, વોર્ડ ૧૨/બી, સીટી પોલીસ સ્ટેશનની બાજુમાં, **સંપર્ક :** કિશોરભાઈ રાણવાલા – ફોન : 220141, M. 94272 09001.

**અંજાર :** **સમૂહ સાધના :** દરરોજ સાંજે ૭.૦૦ થી ૮.૦૦, રવિવારે સવારે ૮.૩૦ થી ૯.૩૦. એક દિવસીય શિબિર : ત્રીજા રવિવારે. **સંપર્ક :** ગૌતમ ગોસ્વામી : M. 99252 66044, **દિલીપ એન. ગાંધી** : M. 94277 19149, ૨૦, વૃંદાવન સોસાયટી, બગીચા પાસે, ખાડિયા.

**લાકડિયા :** દર મહિનાના પહેલા રવિવારે ૧૧ થી ૫, ભરાણીનો વાસ, **સંપર્ક :** જયાબેન ગડા – ફોન : (02837) - 273435.

**માંડવી :** **સામૂહિક સાધના :** દર રવિવારે ૮.૩૦ થી ૯.૩૦ **સંપર્ક :** છોટુભાઈ પી. સોની – ફોન : (02834) 224198, M. 94264 52728. પરેશભાઈ ઠક્કર – ફોન : (02834) 223118, 232832

**રાપર :** દર રવિવારે ૮ થી ૯, સાંજે ૫ થી ૬, સહયોગ હોસ્પીટલ, સી.એચ.વી. દવાખાનું. **સંપર્ક :** દેવેન્દ્રભાઈ ગોસ્વામી – M. 98796 47587, અરૂણભાઈ ગાવન્ડે – M. 98796 71178.

**ભચાઉ :** દર રવિવારે સવારે ૭ થી ૮, રામવાડી, સંપર્ક : રોહિનભાઈ સોની ફોન : 02837-255218, 255508.

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. |
|---|---|---|---|
| C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧. (0281) 2220861-866 (0281) 2221384, 94272 21591 | C/o. શ્રી ઈશ્વરલાલ યુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. દિપેન્દ્રકુમાર પટેલ, ૭-બજરંગ નગર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨. (02762) 254634, 252345 (M) 94272 33000 |

### ૨૦૦૯ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી

| | | | |
|---|---|---|---|
| 30-12-09 to 10-01-10 | 06-01-10 to 17-01-10 | 30-12-09 to 10-01-10 | 30-12-09 to 10-01-10 |
| 20-01-10 to 31-01-10 | 28-01-10 to 08-02-10 | 20-01-10 to 31-01-10 | 20-01-10 to 31-01-10 |
| 03-02-10 to 14-02-10 | 11-02-10 to 22-02-10 | 17-02-10 to 28-02-10 | 17-02-10 to 28-02-10 |
| 17-02-10 to 28-02-10 | 25-02-10 to 08-03-10 | 03-03-10 to 14-03-10 | 03-03-10 to 14-03-10 |
| 03-03-10 to 14-03-10 | 11-03-10 to 22-03-10 | **: મોરબી :** | **: ધર્મજ :** |
| 17-03-10 to 28-03-10 | 29-04-10 to 10-05-10 | 'ધમ્મલયન' ૫–કાલિંદી પાર્ક, અકોટા. ફોન : ૦૨૬૫–૨૩૪૧૧૮૧ | હિંમતભાઈ પટેલ (૦૨૬૯૭) ૨૪૪૬૫૬ મો. : ૯૪૨૬૫૩ ૦૦૭૬૫ |
| 31-03-10 to 11-04-10 | 13-05-10 to 24-05-10 | 20-01-10 to 31-01-10 | 01-02-10 to 12-02-10 |
| 14-04-10 to 25-04-10 | 27-05-10 to 07-06-10 | 17-02-10 to 28-02-10 | 06-05-10 to 17-05-10 |
| 26-04-10 to 07-05-10 | 12-07-10 to 23-07-10 | 17-03-10 to 28-03-10 | 26-05-10 to 06-06-10 |
| 09-05-10 to 20-05-10 | 27-07-10 to 07-08-10 | | 10-07-10 to 21-07-10 |
| 21-05-10 to 01-06-10 | 20-08-10 to 31-08-10 | | |
| 02-06-10 to 13-06-10 | 03-09-10 to 14-09-10 | | |

### ફક્ત જૂના સાધકો માટે સતિપટ્ઠાન શિબિરો

| | | | |
|---|---|---|---|
| 05-02-10 to 13-02-10<br>18-06-10 to 26-06-10 | 31-01-10 to 08-02-10<br>14-07-10 to 22-07-10 | 06-02-10 to 14-02-10 | 18-09-10 to 26-09-10 |

### ફક્ત જૂના સાધકો માટે વિશેષ શિબિરો

| | | | |
|---|---|---|---|
| 17-02-10 to 28-02-10 | 18-10-10 to 29-10-10 | 01-09-10 to 12-09-10 | 15-12-10 to 26-12-10 |

### ગંભીર સાધકો માટે ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર

| | | | |
|---|---|---|---|
| (૩૦ દિવસ)<br>27-09-10 to 28-10-10<br>(કિશોરો માટે)<br>12-05-10 to 20-05-10<br>(કિશોરીઓ માટે)<br>24-05-10 to 01-06-10 | (૨૦ દિવસ)<br>26-03-10 to 16-04-10<br>27-07-10 to 17-08-10<br>(૩૦ દિવસ)<br>26-03-10 to 26-04-10<br>05-12-10 to 05-01-11 | | (૨૦ દિવસ)<br>04-07-10 to 25-07-10 |

### એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | |
|---|---|---|---|
| દર મહિનાના બીજા રવિવારે કેન્દ્ર ઉપર દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

## દોહા ધરમના

કુદરતકા કાનૂન હૈ કૃપા કરે ના ક્રોધ;
વિકૃત મન હોવે દુઃખી, હોય સુખી ચિત્તશોધ.

દૂર પરે કા ભી નહીં, હો જિસસે સંબંધ;
કૈસે કોરી કલ્પના, કરે દૂર દુઃખ દ્વંદ્વ ?

કિસકો પૂજું હવિ કરું ? કૌન દેવતા ઈશ ?
મૈં તો પૂજું સત્ય કો, સત્ય ધર્મ જગદીશ.

**એક્સેલ કોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

ત્રાત છૂટા અનૃત રહા, રચિયા બના પ્રધાન;
ત્રાત-રચિયા કે ફેર મેં ત્રાત ભૂલા નાદાન.

કયા ઈશ્વર પૂજન કરે ? ધર્મ રહે ના પાસ;
કયા ઈશ્વર પૂજન કરે ? ધર્મ રહે યદિ પાસ.

ધર્મ પાલને મેં જહાં, જો જો બાધક હોય;
ચાહે જિતને પ્રિય લગે; ત્યાગે નિર્મમ હોય.

**ટીએમએલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**
૩૦૧–બી ટાવર, અલકાપુરી આર્કેડ, આર. સી. દત્ત રોડ
વડોદરા–૩૯૦ ૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટરના** નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 2 ડિસેમ્બર, 2009** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઇગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-
વાર્ષિક લવાજમ : રૂા. 30/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

Weighs less than 8 gms
Posted without Payment of Postage.
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org